# એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, તા. માંગરોળ, જી. સુરત.

**ફોજદારી કેસ નં. ૧૧૭ /૨૦૨૬**
**આંક -**

**ફરીયાદી - સરકારશ્રી**

**વિરૂદ્ધ**

**આરોપી – ગોવર્ધન રામક્રિશન કુમાવત**

**બી.એન.એસ.ની ક.૨૮૧ તથા એમ.વી.એક્ટ ક.૧૭૭,૧૮૪ મુજબના ગુનાનો ઠરાવ**

**૧.** આ કામે ફરીયાદી પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મજકુરે વગર પાસ પરમીટે દારૂ પી નશો કરી પોતાના કબ્જાની મોટરસાયકલની રોડ ઉપર ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરતા પકડાઇ ગયેલ, જેથી આરોપીએ_બી.એન.એસ.ની ક.૨૮૧ તથા એમ.વી.એક્ટ ક.૧૭૭,૧૮૪ મુજબનો ગુન્હો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.** સદર ગુના કામે, આરોપીને અદાલત સમક્ષ રજુ કરેલ. ત્યારબાદ, સદરહુ કેસ આગળ ચલાવવા માટે રાખવામાં આવેલ છે પરંતુ આ કામના આરોપીનાઓ રેકર્ડ ધ્યાને લેતાં ચાર્જસીટ દાખલ થઈ ત્યારથી આજદીન સુધી ફરીયાદ પક્ષ આરોપીને હાલના કેસમાં હાજર રખાવી શકેલ નથી. જેથી આરોપીને ફરીયાદપક્ષ હાલના કામે અદાલત સમક્ષ હાજર રાખી શકેલ ન હોવાના કારણે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આ કામના આરોપી સામેનો બી.એન.એસ.ની ક.૨૮૧ તથા એમ.વી.એક્ટ ક.૧૭૭,૧૮૪ મુજબનો હાલનો કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**માંગરોળ.**
**તા. ૧૪/૦૩/૨૦૨૬.**

(જે.એસ. પરમાર)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજી.,
માંગરોલ, જી.સુરત.
**(Judge Code: GJ01155)**